# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
# મહાનગર સેવા સદન

## અમદાવાદ શહેર હદ વિસ્તારમાં આવતી ઉત્તર પશ્ચિમઝોનની તમામ મિલકતોના સામાન્ય વેરા અંગે જાહેર નોટિસ

ધી ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન્સ એક્ટ, ૧૯૪૯ ના પરિશિષ્ટ 'એ' ના પ્રકરણ ૮ (કરવેરા નિયમો) ના નિયમ નં. ૯ તથા ૧૩ થી ૧૬ મુજબ મ્યુનિસિપલ હદમાં આવેલ નીચે દર્શાવેલ ઝોન-વોર્ડની ઈમારતો અથવા જમીનોની સને **૨૦૨૨/૨૩**ના વર્ષ માટે કારપેટ એરીયા બેઈઝ પધ્ધતિ મુજબ સામાન્ય વેરો આકારવા અંગે નિયત કરાયેલ પરિબળો દર્શાવતી આકારણીની ચોપડી (ઇ ફોર્મમાં) તૈયાર કરવામાં આવેલ છે જેની વિગત નીચે દર્શાવેલ સ્થળે જોવા મળશે.

| ઝોનનુ નામ | જોવાનુ સ્થળ |
|---|---|
| ઉત્તર પશ્ચિમ ઝોન (વોર્ડ નં.૦૬૮૧, ૦૬૮૨ તથા ૦ ૬૮૩ની સિવાયની તમામ મિલકતો) | ટેક્ષ વિભાગ, રાજમાતા વિજયારાજે સિંધિયા ભવન,જજીસ બંગલા રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯અમદાવાદ |

ઉત્તર પશ્ચિમઝોનના એડોપ્ટેડ એન્ટ્રી મુજબના ઇ ચોપડા તૈયાર કરેલ છે. સદર આકારણીની ઇ ચોપડીમાં નોંધેલ ઈમારતો અથવા જમીનોના માલિકો, કબજેદારો અગર તેમના પ્રતિનિધિ અને વહીવટ કરનારાઓને આકારણીની ઇ ચોપડી ના સદરહુ વિભાગો સદર કાયદામાં નિર્દિષ્ટ થયા મુજબની નોંધ સહિત કામકાજના દિવસોએ ઉપર જણાવેલ સરનામે **સવારના ૧૧.૦૦ થી ૨.૦૦ અને ૨.૩૦ થી ૫.૦૦ સુધી** જોવાને માટે મુકવામાં આવેલ છે તેમાંથી તેઓ પોતાની મિલકત અંગેની વિગતોની માહિતી લાગતાવળગતા શખ્સો વગર કિંમતે જોઈ શકશે અથવા તેમાંથી ઉતારો કરી શકશે.

**આકારણીની ચોપડીની નોંધો અંગે વાંધાઓ રજુ કરવા અંગેની સૂચનાઃ**

ઉપર જણાવેલ ઉત્તર પશ્ચિમઝોનના (વોર્ડ નં.૦૬૮૧, ૦૬૮૨ તથા ૦ ૬૮૩ સિવાય)તમામ વોર્ડોની એડોપ્ટેડ એન્ટ્રી મુજબની આકારણી ઇ-ચોપડી માં દર્શાવેલ ઈમારતો અથવા જમીનોની નોંધો બાબત અગર મિલકતવેરો આકારવા અંગે નિયત કરવામાં આવેલ પરિબળ અંગે તેમજ માહિતી બાબત વાંધો હોય તો વાંધા અરજીના નિયત ફોર્મમાં વાંધાના કારણો પૂરેપૂરા ટુંકમાં લખી મ્યુનિસિપલ કમિશનરશ્રીને ઉદ્દેશીને જ્યાં આકારણીની ઇ-ચોપડી રાખવામાં આવેલ છે તે સ્થળે લેખિત વાંધા અરજી કરવી અને તે આ નોટિસ પ્રસિદ્ધ થયા તારીખથી **તા.૧૧/૦૧/૨૦૨૩** ના રોજ અથવા તે અગાઉ રૂબરૂ આપીને તેની પહોંચ લેવી. અરજદારની સગવડતા ખાતર યોગ્ય ન્યાય મળી રહે તે સારૂં **વાંધા અરજી કરવા અંગેના છાપેલા ફોર્મ રૂા.૦.૫૦ પૈસાની કિંમતે ઉપરોકત ટેક્ષ ખાતાની ઓફિસ**માંથી આપવામાં આવશે જે મેળવીને તેમાં વાંધા અરજી કરવા વિનંતિ છે.

જેમના તરફથી ઉપરના પેરા માં જણાવ્યા મુજબની મુદતની અંદર વાંધા અરજી કરવામાં નહીં આવે તો તેમને આકારણીની ચોપડીના વિભાગોમાં કરેલ નોંધ અંગે વાંધો નથી એમ ગણવામાં આવશે અને તે ઉપર લેવાના થતા કર કાયદેસર રીતે આકારી વસુલ કરવાની કાયદેસર તજવીજ કરવામાં આવશે.

તા.૨૬ -૧૨ -૨૦૨ **મ્યુનિસિપલ કમિશનર**

એસેસમેન્ટ અને ટેકસ કલેકશન ખાતુ
મ્યુનિસપલ કોર્પોરેશન,અમદાવાદ